સરકારી કર્મચારીઓ/અધિકારીઓ ધ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કે તેની હસ્તકની કોઈપણ કચેરીમાં તેઓએ અગાઉ બજાવેલ સેવાને વર્તમાન સેવા સાથે રજા અને પેન્શનના હેતુ માટે જોડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-એફઓએ-૧૦૯૨-પુઓ-૩૦૭-ગ.૨(ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૫/૪/'૦૬.

વંચાણમાં લીધો:- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪-૨-૯૩ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

-: ઠ રા વ :-

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા અથવા કેન્દ્રીય ભરતી યોજના અથવા અન્ય માન્ય પધ્ધતિ ધ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોને તે પૂર્વે કરેલી સેવાનો લાભ આપવા અંગેની જોગવાઈ ઉપર વંચાણમાં લીધેલા તા.૨૪-૨-૯૩ ના ઠરાવથી કરવામાં આવી છે. ઉકત ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, સરકારી કર્મચારી હાલમાં જે સેવામાં હોય તે અગાઉ રાજ્યની કોઈપણ ખાતા/કચેરીમાં કોઈપણ સેવા, સંવર્ગ કે જગા પર ફરજ બજાવેલ હોય ત્યારે અગાઉ બજાવેલ સેવાને હાલની સેવા સાથે જોડી આપવાની રહે છે. ટૂંકમાં સરકારી કર્મચારી તરીકે હાલની સેવા અને અગાઉ બજાવેલ સેવા એ બંને સેવાઓ રાજ્ય સરકાર હેઠળની સરકારી કર્મચારી તરીકેની સેવાઓ હોય તો જ આવી સેવાઓ જોડી આપવાની રહે છે. પરંતુ અનુભવે એવું જણાયું છે કે રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/નિગમો કે સ્વાયત્ત સંસ્થાઓમાં બજાવેલ સેવાઓ હાલની રાજ્ય સેવા હેઠળની સેવા સાથે જોડી આપવા દરખાસ્ત કરવામાં આવે છે. પરિણામે કામગીરીમાં બિનજરૂરી વધારો થાય છે. આથી આ સંદર્ભે સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે જો સરકારી કર્મચારીની હાલની સેવા અને અગાઉ બજાવેલ સેવા એ બંને સેવાઓ રાજ્ય સરકાર હેઠળની સરકારી કર્મચારી તરીકેની સેવાઓ હોય તો જ આવી સેવાઓ જોડી આપવાની રહે છે. હાલની સરકારી સેવામાં જોડાતાં અગાઉ જો કોઈ કર્મચારીએ બોર્ડ/નિગમોમાં ફરજો બજાવેલ હોય તો આવી બોર્ડ/નિગમમાંની સેવાઓ રાજ્ય સેવાની હાલની સેવા સાથે અથવા તો જો કોઈ કર્મચારી રાજ્ય સેવામાંથી બોર્ડ/નિગમમાં જોડાય તો આવા કર્મચારીની રાજ્ય સેવા હેઠળની

P.T.O.

સરકારી કર્મચારી તરીકેની સેવાઓ બોર્ડ/નિગમની સેવાઓ સાથે કોઈપણ હેતુ માટે જોડી આપવાની રહેતી નથી. જયારે સરકારી કર્મચારી રાજય સેવામાંથી બોર્ડ/કોર્પોરેશનમાં પસંદગી પામે તો તેઓ રાજય સરકારની સેવામાંથી છૂટા થતાં રાજય સરકારમાં તેમનો કોઈ લિયન (lien)રહેશે નહિ.

૩. કેન્દ્ર સરકાર હેઠળની અથવા અન્ય રાજય સરકાર હેઠળની સેવાઓ જોડવા અંગે નાણાં વિભાગનો અને રાજય સરકાર હેઠળની શૈક્ષણિક સંસ્થાઓમાં બજાવેલ સેવાઓ જોડી આપવા અંગે નાણાં વિભાગ તેમજ શિક્ષણ વિભાગના પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

૪. આથી સચિવાલયના તમામ વિભાગો/ખાતા-કચેરીઓને સુચના આપવામાં આવે છે કે બોર્ડ/નિગમોમાં બજાવેલ સેવાઓને રાજય સેવા સાથે જોડી આપવા માટેની દરખાસ્તો સામાન્ય વહીવટ વિભાગને તથા નાણાં વિભાગને પરામર્શ માટે રજુ નહી કરતાં આવી દરખાસ્તો ઉપરોકત સ્પષ્ટતા ધ્યાને લઈ વિભાગ કક્ષાએ જ ચકાસણીના અંતે દફતરે કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન.સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજયપાલશ્રીના સચિવશ્રી.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
તમામ ખાતાના વડાઓ.
તમામ માન્ય મંડળો.
વિશિષ્ટ ફાઈલ.

---

પત્ર ધ્વારા.